**<u>ક્રિમીનલ કેસ નં.૨૧૪/૨૦૨૬</u>**

**આંક–૧ લગત હુકમ:–**

કેસ સ્પેશ્યલ લોક અદાલતમાં હાથ પર લીધો. આ કામના ફરીયાદીએ આરોપી સામે ચેક પાછો ફર્યા બાબતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટયુમેન્ટ એકટ કલમ ૧૩૮ ની ફરીયાદ આપેલી જે અનુસંધાને આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ થતા ઉપરોકત નંબર થી ફોજદારી કેસ દાખલ થયેલ. જેમાં ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થતા ફરીયાદી તરફે **<u>આંક–૭</u>** થી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી જેવી પુરશીષ રજુ કરેલ. જે પુરશીષ રેકર્ડ કરવામાં આવી.

ઉપરોકત પુરશીષ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૭ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ ૨૮૦ ધ્યાને લેતા ફરીયાદી ફરીયાદ પાછી ખેચવા માંગતા હોય તો મેજીસ્ટ્રેટ તે ફરીયાદ પાછી ખેચી લેવા પરવાનગી આપી શકશે તથા હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ ફરીયાદ હોય તથા કમ્પાઉન્ડેબલ ગુનો હોય સદરહુ કેસ સમાધાનપાત્ર હોય અને તેમ કરવામાં આવે ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી શકશે તેવી કાયદાની જોગવાઈ ધ્યાને લેતા ફરીયાદીએ હાલની પુરશીષ આપેલ છે. તે મુજબ હાલની ફરીયાદ પાછી ખેચવા પરવાનગી આપી આરોપીને આજની સ્પેશ્યલ લોક અદાલતમા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. સદર કેસ તે રીતે વિથડ્રો થી ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૧૮/૦૭/૨૦૨૬<br>
લીલીયા.

(જે.એસ.ત્રિવેદી)<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,<br>
લીલીયા<br>
કોડ નં. જી.જે.૦૧૭૦૨